જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
કોલેજ ઓફ ફિશરીઝ
રાજેન્દ્ર ભવન રોડ, વેરાવળ–૩૬૨ ૨૬૫. (ગુજરાત)
ફોન: (૦૨૮૭૬) ૨૪૨૦૫૨ ટેલીફેક્ષ : (૦૨૮૭૬) ૨૪૨૦૫૨
E-mail: cofvrl@yahoo.co.in

# જાહેરાત

કોલેજ ઓફ ફિશરીઝ, જૂનગઢ કૃષિ યુનિવર્સિટી, વેરાવળ ખાતે પ્રોજેકટ અંતર્ગત સેમ્પલીગ માટે જવા માટે ૫ વ્યકિતઓ તેમજ સેમ્પલનો સમાવેશ થાય તેવી A/C તેમજ Non A/C મોટરકાર/જીપ (ટાવેરા/ બોલેરો /ઈનોવા ઈ.) શરતો અને બોલી મુજબ ભાડે કરવાની હોય રસ ધરાવતી ખાનગી ટ્રાવેલ્સ એજન્સી તેમજ વાહન ભાડે આપતી પાર્ટીઓને નીચેની વિગત અને ફોર્મેટ મુજબ ભાવપત્રકો સીલબંધ કવરમાં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

૧. ભાવ પોસ્ટ/ કુરીયર દ્વારા જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૨૧ માં મોકલવાના રહેશે.
૨. ભાવ ખોલવાની સંભવિત તારીખ, મુદત પૂર્ણ થયાના બે દિવસ
૩. શરતો અને બોલીઓ માટેકોલેજ ઓફ ફિશરીઝ, વેરાવળ ખાતે, ઓફીસ સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવો કે યુનિવર્સિટીની વેબસાઈટ જોવી.
૪. ભાવ માર્ચ ૨૦૧૯ સુધીના મોકલવાના રહેશે.

| પાર્ટીનું નામ | ગાડીનો પ્રકાર | પ્રતિ કી.મી. મુજબના ભાવ. | |
|---|---|---|---|
| | | A/C | Non A/C |

સ્થળ : વેરાવળ
તા. ૧૦/૭/૨૦૧૮

(આચાર્ય અને ડીન)

આચાર્ય,
ફિશરીઝ કોલેજ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
વેરાવળ.

# ફિશરીઝ કોલેજ, વેરાવળ ખાતે ચાલતા પ્રોજેક્ટ માટે મોટરકાર/જીપ ભાડેથી નક્કી કરવા માટેની શરતો

૧. સેમ્પલ કલેકશન માટે જરૂરિયાત મુજબ પ્રવાસ ગોઠવવામાં આવશે.

૨. વેરાવળ બહારની ટ્રાવેલ્સ કંપનીનાં ભાવ માન્ય થાય તો તેઓને પોતાનાં સ્થળેથી વેરાવળ પહોચવા તેમજ પ્રવાસ પૂર્ણ થયે પરત પોતાનાં સ્થળે જવા માટેનાં થતા કિલોમીટરનું ભાડું કે અન્ય કોઈપણ પ્રકારનું વળતર ભાડા પેટે ચુકવવામાં આવશે નહિ.

૩. વાહન કમિટીના સભ્યોને રૂબરૂમાં બતાવવાનું રહેશે.

૪. સેમ્પલીંગ માટે કાચા રસ્તાઓમાં તથા ખુબ અંતરિયાળ વિસ્તારમાં પણ જવાનું થતું હોય, જેની સુચના ડ્રાઈવર ને આપવાની રહેશે.

૫. ડ્રાઈવર અનુભવી, બેજ લાયસન્સ ધરાવતા તથા આર. ટી .ઓ. માન્ય યુનિફોર્મ સાથે હોવા જોઈએ.

૬. પ્રવાસ દરમિયાન વાહન ચાલકની ચા, નાસ્તો, ભોજન, તથા રહેવાની વ્યવસ્થા તેમજ તે અંગેનો ખર્ચ વાહન માલિકે કરવાનો રહેશે.

૭. વાહનમાં જરૂર જણાય તો તાત્કલિક રીપેરીંગ કરી આગળનો પ્રવાસ પૂર્ણ કરવાની જવાબદારી આપની રહેશે અથવા વધારે સમય લાગે તેમ હોય તો અન્ય વાહનની વ્યવસ્થા આપના દ્વારા કરી આપવાની રહેશે.

૮. ડીઝલ, ઓઈલ, સ્પેરપાર્ટ્સ, રીપેરીંગ, ડ્રાઈવર તેમજ આનુસાંગિક અન્ય તમામ પ્રકારનાં ખર્ચ વાહન માલિકે ભોગવવાનો રહેશે.

૯. નાણાની ચુકવણી પ્રતિ કી.મી. પ્રમાણેજ કરવાની થશે. દૈનિક કે માસિક અમુક કી.મી. ચલાવવું એવું બંધન કે શરત રહેશે નહિ. જયારે સેમ્પલીંગ માટે જવાનું થાય ત્યારે જે તે કી.મી. ના પ્રવાસ મુજબ ભાડુ ચુકવવામાં આવશે.

૧૦. મીનીમમ ભાડાની શરત લાગુ પડશે નહિ. જયારેપણ નજીક અથવા દુરનો પ્રવાસ ખેડવાનો થાય ત્યારે પ્રવાસના કી.મી. મુજબજ ભાડુ ચુકવવામાં આવશે.

૧૧. તમામ પેમેન્ટ ભાવ મંજુર થયેલ ટ્રાવેલ્સ કંપનીના નામના એકાઉન્ટ પેનાં ચેક અથવા ડીમાંડ ડ્રાફ્ટથી કરવામાં આવશે. જેથી બેંક એકાઉન્ટ હોવું જરૂરી છે.

૧૨. ભાવ મંજુર થયા બાદ ભાવ વધારા અંગેનો વિવાદ માન્ય રાખવામાં આવશે નહિ.

૧૩. સરકારશ્રીના નિયમોનુસાર આવકવેરાની થતી રકમ પાર્ટીના બિલમાંથી બાદ કરીને જ બિલનું ચૂકવાનું કરવામાં આવશે.

૧૪. અંદાજીત ભાવપત્રક મંજુર થયે રૂ.૧૦૦/- નાં નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પ પપેર પર સદરહુ શરતો અન્વયે એમ.ઓ.યુ. કરવાનો રહેશે.

૧૫. પ્રોજેક્ટ પૂર્ણ થતો હોય અથવા પૂર્ણ જાહેર કરવામાં આવે ત્યારે આ કરાર રદ કરવાનો રહેશે. વાહન ભાડેથી મંજુર કરવાની કે રદ કરવાની સંપૂર્ણ સતા યુનીવર્સીટી/કોલેજ દ્વારા નિમાયેલ કમિટીની રહેશે.

૧૬. કોઈ પણ પ્રકારના તકરાર/મતભેદ નિવારણ માટે ગીર સોમનાથ  જ્યુડીશ્યલ હદ માન્ય રાખવાની રહેશે.

૧૭. ટેક્ષી પાસીંગ હોવું જરૂરી છે.

સ્થળ: વેરાવળ
તારીખ: ૧૦/૦૭/૨૦૧૮

આચાર્ય
ફીશરીઝ કોલેજ
જુનાગઢ કૃષિ યુનીવર્સીટી
વેરાવળ